આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

પડકાર એટલે કોઇક દ્વારા કોઇ પણ બાબતે તમે સમક્ષ નથી તેવો આક્ષેપ અને સમક્ષ હોય તો પુરવાર કરી બતાવવાનું દબાણ
- ધર્મગુરૂ

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૪૫ | ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૪, બુધવાર; મહા વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગુડાનું ૧૬૫.૯૬ કરોડનું બજેટ

વર્ષ ૨૦૧૪-૧૫માં વિવિધ ૧૫૦ કામો મંજૂર કર્યા : બજેટમાં રૂટીન ઉપરાંત નવા કામો માટે જોગવાઈ

ગાંધીનગર-કોબા હાઈવે આસપાસના જંગલ વિસ્તારની સફાઈ માટે ૫૦ લાખની જોગવાઈ

વાદળછાયુ વાતાવરણ - ગાંધીનગરમાં આજકાલ મહિનામાં બે વખત વાદળછાયુ વાતાવરણ અનુભવાય છે... વાતાવરણમાં પલ્ટાને કારણે ગાંધીનગરમાં ઠંડક અને ગરમીનો મીશ્ર માહોલ સર્જાયો છે...

(તસ્વીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૫

ગુડાની ૪૮મી બોર્ડ બેઠકમાં આજે વર્ષ ૨૦૧૪-૧૫ના બજેટને મંજૂરી આપવામાં આવી હતી. ૧૬૫.૯૬ કરોડના આ બજેટ અન્વયે વિવિધ ૧૫૦ કામોને મંજૂરી આપવામાં આવી હતી. ૧૮.૮૮ કરોડની પુરાંતવાળુ બજેટ હોવાનુ સ્પષ્ટ થયું છે.

શહેરી વિકાસ સત્તામંડળની આજે મળેલી ૪૮મી બોર્ડ બેઠક દરમિયાન વર્ષ ૨૦૧૪-૧૫ માટે રૂ. ૧૬૫.૯૬ કરોડના બજેટને મંજૂરી આપવામાં આવી છે. ૧૮.૮૮ કરોડની પુરાંતવાળા આ બજેટમાં હાલના રૂટીન તેમજ નવા કામોને અનુલક્ષી નાણાંકીય જોગવાઈ કરવામાં આવી છે. જેમાં પાણી પુરવઠાના કામો માટે રૂ. ૨૫ કરોડ, લાયબ્રેરી તેમજ વર્કીંગ વુમન હોસ્ટેલ માટે ૭.૫૦ કરોડ, વિસામા માટે ૬ કરોડ, બ્રિજના કામ માટે રૂ. ૫ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ ઉપરાંત કોબાથી ગાંધીનગર હાઈવે આસપાસના જંગલ વિસ્તારની સફાઈ માટે ૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. ગુડા દ્વારા આ સફાઈ અભિયાન માટે સખી મંડળોની મહીલાઓને જોડવામાં આવશે. બજેટમાં નવા કામો ઉપરાંત હાલના ચાલુ કામો માટે પણ નાણાંકીય જોગવાઈ કરવામાં આવી છે. જેમાં આવાસ નિર્માણની યોજના માટે ૫૦ કરોડ, ભૂગર્ભ ગટર યોજના માટે ૧૨.૫૦ કરોડ તેમજ માર્ગ નિર્માણને અનુલક્ષી રૂ. ૭ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ ઉપરાંત તળાવો અને બગીચાઓના વિકાસ માટે ૭ કરોડ તેમજ સ્ટ્રીટલાઈટ અને પ્લાન્ટેશનના કામો માટે પણ નાણાંકીય જોગવાઈ કરવામાં આવી છે. ગુડાની ૪૮મી બોર્ડ બેઠકમાં મુખ્ય કારોબારી અધિકારી ડી. તારાએ ચેરમેન અશોક ભાવસાર સહીત અન્ય અધિકારીઓ ની હાજરીમાં બજેટ રજુ કર્યુ હતું.

આજે રાજકીય આગેવાનો સાથે કલેક્ટરની બેઠક

આચારસંહિતા, મતદારયાદી તેમજ ખર્ચ નિયંત્રણને લઈ મહત્વના પગલાંઓની આ બેઠકમાં ચર્ચા કરાશે

ગાંધીનગર, તા. ૨૫

લોકસભાની આવી રહેલી ચૂંટણીઓને પગલે આજે જિલ્લા કલેક્ટર ડૉ. પી. સ્વરૂપે રાજકીય પક્ષોના આગેવાનોની એક મહત્વની બેઠક કલેક્ટર ઓફિસ ખાતે બોલાવી છે.

જિલ્લાના મુખ્ય ચૂંટણી અધિકારી ડૉ. સ્વરૂપે રાજકીય પક્ષોના આગેવાનોની બોલાવેલી બેઠકમાં ચૂંટણી પંચની મળેલ નવી સૂચનાઓ તેમજ મતદારયાદી અંગેની જાણકારી આપવામાં આવશે.

આજે મળનારી આ બેઠકમાં લોકસભાની ચૂંટણી માટે ચૂંટણી ખર્ચની મર્યાદામાં કરાયેલ વધારા ઉપરાંત ચૂંટણી દરમ્યાન ખર્ચ નિયંત્રણ અંગે પંચની સૂચનાઓથી પક્ષોના આગેવાનોને વાકેફ કરવામાં આવશે.

આ બેઠકમાં ખર્ચનું શેડો રજીસ્ટર પંચ દ્વારા નિભાવવામાં આવનાર છે તે માટે મંજૂર થયેલા ખર્ચના વિવિધ ભાવના દરો અંગેની પણ વિગતો પક્ષોના આગેવાનોને આપવામાં આવનાર છે.

આ ઉપરાંત લોકસભામાં ઉમેદવારીપત્ર ભર્યા બાદ મતદાનની પ્રક્રિયા દરમ્યાનના સમયગાળા સુધીમાં ત્રણ વખત આ ઉમેદવારોના હિસાબની ચકાસણી કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

બેસણું

અ. સૌ. કાન્તાબેન રૂપેશભાઈ પરમાર (રૂપેશભાઈ પરમારના ધર્મપત્ની)નું. તા. ૨૨/૨/૨૦૧૪ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨/૩/૨૦૧૪ને રવિવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

સ્થળ : ૯૧૨, શિવશક્તિ સોસાયટી, શિવશક્તિ મંદિરની પાછળ, સેક્ટર-૨૭, ગાંધીનગર

લિ.

પ્રેરણા આર. પરમાર (પુત્રી) | રૂપેશભાઈ આર. પરમાર
પ્રેરક આર. પરમાર (પુત્રી) | કૃપા આર. પરમાર (પુત્રી)

ઉમરેઠ વિશા ખડાયતાબેસણું

પરમ પૂજ્ય પિતાશ્રી **ચંદ્રકાન્તભાઈ પુ. ગાંધી** (W.Rly)નું તા. ૨૪/૨/૨૦૧૪ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સ્વર્ગસ્થનું બેસણું તા. ૨૭/૨/૨૦૧૪ ગુરૂવારના રોજ સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ કલાકે** રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૬/૧, સેક્ટર-૪/એ, ઓમકારેશ્વર મંદિર સામે, ગાંધીનગર.

લી.

પંકજ સી. ગાંધી (કાર્યપાલક ઈજનેર (મા.મ) આલેખન વર્તુળ) | સંજય સી. ગાંધી (પાર્ટનર - આર્માઝોન ફાર્માસ્યુટીકલ્સ)

બેસણું

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી વાઘેલા અમરસિંહજી જગતસિંહજી તા. ૨૩-૨-૧૪ ને રવિવારના દિવસે દેવલોક પામ્યા છે. તેમનું સદ્‌ગતનું બેસણું તા. ૨૫-૨-૧૪ ને ગુરૂવારના રોજ રાખેલ છે.

સ્થળ : નવા ચેપલાજ, તા.જી.ગાંધીનગર. મો.૯૧૨૬૩૫૮૫૬૩

ગં. સ્વ. શિવકાળના અમરસિંહજી